## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




રહેવા દો... ખોટી મજુરી કરવાની... આપણે મહેનત કરી કાંકરામાંથી મગફળી ઉગાડીએ છીએ... અને પેલા લોકો... ફરીથી કાંકરા કરી નાખે છે...!!





કલા મહાકુંભ : ગાંધીનગર જિલ્લાનો કલા મહાકુંભ સ્વામિનારાયણ ધામ ધોળેશ્વર ખાતે યોજાયો હતો. સ્કુલ બેન્ડ, ઓરગન, હાર્મોનિયમ,તબલા, ગિટાર જેવી સ્પર્ધાઓ યોજાઇ હતી તેમજ ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજ, સેક્ટર-૨૩ ખાતે રાસ, ગરબા અને લોકનૃત્યની સ્પર્ધાઓ યોજાઇ હતી. જિલ્લાના ચારે તાલુકા અને મહાનગરપાલિકા વિસ્તારમાંથી કલાકારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કલાકાર ઘડતર માટે ખૂબ જ મહત્ત્વનો કલા મહાકુંભ જિલ્લા કક્ષાએ યોજાઈ ગયો.

# શ્રાવણ શરૂ થતાં પહેલા જુગારીઓની નેટ પ્રેક્ટિસ

## જિલ્લામાં અલગ-અલગ ૪ સ્થળોએ પોલીસે પાડેલા દરોડામાં ૧૭ શકુનિઓ પકડાયા : બે દરોડાની પોલીસે વિગતો છુપાવી

ગાંધીનગર, તા.૭

શ્રાવણ માસ આવતાં જ જુગારીઓના હાથમાં ખંજવાળ આવવા લાગતી હોય છે. ગાંધીનગર જિલ્લામાં પણ આવું જ કંઈક થઈ રહ્યું છે. શ્રાવણ શરૂ થતા પહેલા જ અન્ય જિલ્લાના જુગારીઓએ નેટ પ્રેક્ટિસ શરૂ કરી દીધી છે. મોટા ખેલાડીઓએ તો શ્રાવણમાં ક્યા જુગાર રમવો અને ક્યાં ક્યાં બોર્ડ બેસસે તેની યાદી બનાવી દીધી છે. તાજેતરમાં જ ગાંધીનગર જિલ્લામાં અલગ-અલગ ૪ સ્થળોએ પોલીસે દરોડા પાડીને ૧૭ શકુનિઓને પકડી હોવાની વિગત ધ્યાને આવી છે. તો બીજી તરફ મીડિયાના નામે સેટિંગ કરી લેવાની પોલીસની જૂની પ્રથા પણ હજુ યથાવત હોય તેવું લાગી રહ્યું છે. ચાર દરોડા પૈકી બે દરોડાની વિગતો સ્થાનિક પોલીસે મીડિયાથી છુપાવી હોવાની વિગત ધ્યાને આવી છે.

ગાંધીનગર જિલ્લાના સાથે જ પોલીસ મથકના પીઆઈ આર.બી. રાણાની ટીમે ચોક્કસ બાતમીના આધારે મોટી ભોયણ ગામની સીમમાં ખુલ્લેઆમ જુગાર રમી રહેલા બે શકુનીઓને રંગે હાથ પકડી પાડયા હતા. મોટી ભોયણ ગામમાં રહેતા પ્રકાશજી ઉર્ફે પકો છના ઠાકોર અને ભરત રમણ ઠાકોર નામના બંને શખ્સોને રોકડ રૂ. ૫૪૦૦ તથા બે બાઈક મળી કુલ રૂ.૪૫,૪૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ કલોલ તાલુકા પી.આઈ નીરજ પટેલની ટીમે કલોલ તાલુકાના પાનસર ગામે હુડકોના મકાન પાસે બાવળની ઝાડીઓમાં રમાઈ રહેલા જુગાર પર દરોડો પાડયો હતો. કલોલ તાલુકા પોલીસે પાનસર ગામના કિરીટ પ્રહલાદ ચૌહાણ, ગોપાલ જયંતી નાયક, સંજય કનુ રાવળ અને મહેશ બચુ રાવળ મળીને ચારેય શકુનીઓની રોકડ રૂ. ૧૭૮૦૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ ડભોડા પોલીસ અને સેકટર-૭ પોલીસે પણ જુગારના કેસો કર્યા હતા પરંતુ તેમણે મીડિયાથી આ માહિતી છુપાવી હતી. ડભોડા પોલીસે પ્રાતીયા ગામમાં દરોડો પાડી ત્રણ શકુનીઓને પકડ્યા હતા પરંતુ કોઈ કારણસર આ માહિતી મીડિયાથી છુપાવવામાં આવી હતી. જ્યારે સેકટર-૭ પોલીસે પણ સેક્ટર-૧૨માંથી જુગારધામ પકડ્યું હતું. ૨૪ જુલાઈએ પોલીસે દરોડો પાડી આઠ શખ્સોને પકડી પાડયા હતા. પરંતુ કોઈ કારણોસર આ માહિતી મીડિયા સુધી ન પહોંચે તેની પોલીસ દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવી હતી. સે.૧૨માં કેટેગરીના મકાનમાં જ-૨ બ્લોક નંબર ૧૩૬/૪માં પોલીસે દરોડો પાડી જુગારધામ ચલાવી રહેલા હાલીસા ગામના હસમુખ જગા ચૌધરી નામના શખ્સ સહિત આઠ શખ્સોને પકડ્યા હતા. હસમુખ ચૌધરી ઉપરાંત ધણપ ગામના ઘનશ્યામ ઉર્ફે ગુગો કાળુસિંહ રાણા, દહેગામ તાલુકાના માધવગઢ ગામના પ્રકાશ બાબુ ચૌધરી, કાનપુર છાલા ગામના નિલેશ ગેબા ચૌધરી, વાસણા ચૌધરી ગામના વિનોદ રામજી ચૌધરી, મૂળ ધનપુરા ગામના અને હાલ સેક્ટર-૪ બી પ્લોટ નં.૪૫૩માં રહેતા મયુર ભેમાજી ચૌધરી, અજય ચેલા ચૌધરી, કિરણ રઘુનાથ ચૌધરી અને ધણપ ગામના મેલા જેસંગજી ઠાકોર મળીને આઠ શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી અને તેમની પાસેથી બાઈકો તથા મોબાઈલો અને રોકડ મળી દોઢ લાખથી વધુ કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. હસમુખ બોર્ડ બેસાડવાની જગ્યા માટે રૂપિયા ૨૫૦૦ ભાડુ ઉઘરાવતો હોવાનું પણ જાણવા મળ્યું છે. જો કે સેકટર-૭ પોલીસ આ વિગત પણ છુપાવી હતી.



## જિલ્લાકક્ષાની એથ્લેટિક્સમાં આદર્શ નિવાસી શાળાના બાળકોએ મેદાન માર્યુ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરની સેક્ટર-૮ ખાતેની આદર્શ નિવાસી શાળાના બાળકોએ જિલ્લાકક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો છે. સેક્ટર-૧૫માં સાઈ સંકુલ ખાતે યોજાયેલ ઝોન-ડી કક્ષાના એથ્લેટિક્સ



રમતોત્સવમાં આ ખેલાડીઓએ મેદાન માર્યુ હતુ. આદર્શ નિવાસી શાળાના જયદીપ રાઠોડે ૫૦૦૦ મીટર દોડમાં જિલ્લાકક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. જ્યારે જયદીપ મારૂએ ૧૫૦૦ મીટર દોડમાં અને આશિષ બારીયાએ ૨૦૦ મીટર દોડમાં દ્વિતિય સ્થાન મેળવ્યો છે. તમામ ખેલાડીઓને શાળાના તાલીમ આપનાર શિક્ષક જી.એમ. માળી તથા આચાર્ય જી.કે. સોલંકીએ અભિનંદન પાઠવ્યા છે અને રાજ્યકક્ષાએ ઉત્કૃષ્ઠ દેખાવ કરવા શુભેચ્છાઓ પાઠવી છે.

# પીરોજપુર-પ્રભુપુરા ગામે નાળું બનાવવા ગ્રામજનોની રજુઆત

ગાંધીનગર, તા.૭

પીરોજપુર ગામના મોટાભાગના ગ્રામજનો ખેતી અને ખેત મજુરી સાથે જોડાયેલા છે. ગામની ૭૦ ટકા જમીન નેશનલ હાઈ વે નં.૮ની પૂર્વ દિશામાં આવેલી છે. જેથી ગ્રામજનોને ખેતી માટે ખેતીના સાધનો તથા દુધાળા પશુઓને લઈ નેશનલ હાઈ વે નં.૮ ની સામેની બાજુ દરરોજ અવરજવર કરવી પડે છે. ત્યારે નેશનલ હાઈવે નું કામ ચાલતુ હોવાથી ગ્રામજનોને તેમજ વિદ્યાર્થીઓને તકલીફનો સામનો કરવો પડે છે. ત્યારે નેશનલ હાઈ વે ઓથોરીટી દ્વારા વલાદ પાસે તેમજ ગીફટ સીટી પાસે નાળુ બનાવ્યું છે. ત્યારે પીરોજપુરના ગ્રામજનોને નાળુ ન હોવાથી અંદાજીત ૧૦ કિ.મી ફરીને જવાનો વારો આવ્યો છે. તંત્ર સમક્ષ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો છતા હજુ સુધી કોઈ નિવેડો આવ્યો નથી. ત્યારે તા. ૧૩ ઓગસ્ટ સુધીમાં યોગ્ય નિકાલ નહીં આવ્યો તો પીરોજપુરના ગ્રામજનો ગાંધી ચિંધ્યામાર્ગે ઉગ્ર આંદોલન કરશે.

નેશનલ હાઈ વે પરના દરેક ગામોને નાળું તથા ઓવરબ્રિજ આપવામાં આવેલા છે. આ જ નેશનલ હાઈ વે પર પીરોજપુર ગામને કોઈ નાળુ આપવામાં આવ્યું નથી. જેથી ગ્રામજનોને પોતાની ખેતી માટે લાંબુ અંતર કાપીને જવાનો વારો આવ્યો છે. પીરોજપુર ગામને અન્યાયને લઈ ગ્રામજનોમાં રોષની લાગણી ફેલાઈ છે. નાળુ ન હોવાથી ગામના નાગરીકોને ખેતી માટેના સાધનો, પશુ માટે ઘાસચારો, તેમજ ખેતીના સાધનો લાવવા લઈ જવામાં ખુબ તકલીફનો સામનો કરવો પડે છે.ત્યારે પ્રભુપુરા પાસે ખેડુતોને અવરજવર માટે નાળુ બનાવવામાં આવે તેવી લોકમાંગ પ્રબળ બનવા પામી છે. પીરોજપુર ગામના સરપંચે નાળુ બનાવવા માટે મંત્રી, ધારાસભ્ય, કલેકટર, પ્રભારી મંત્રી તેમજ નેશનલ હાઈવે ઓથોરીટીને લેખિત રજુઆત કરવા છતા હજુ સુધી પરિણામ મળ્યુ નથી. ત્યારે ગ્રામજનો ૧૩ ઓગસ્ટના રોજથી ઉગ્ર આંદોલનના મુડમાં જણાય છે.

## વૃક્ષોને મિત્ર બનાવી ફ્રેન્ડશીપ ડે ની ઉજવણી કરાઈ

ગાંધીનગરના સે. ૨૩માં કડી શિક્ષણ સંકુલમાં એલડીઆરપી હોસ્ટેલના પ્રાંગણમાં વિકસેલા વૃક્ષોને વનશ્રી ટ્રસ્ટના સ્વયંસેવકો તથા બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા નાડાછડી બાંધી ફ્રેન્ડશીપ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સ્વયંસેવકો તથા વિદ્યાર્થીઓને વૃક્ષોનું મહત્વ અંગે માર્ગદર્શિત કરવામાં આવ્યા હતા તેમજ મિત્ર બનાવેલા વૃક્ષોના જતન માટે વિદ્યાર્થીઓને જવાબદારી સોંપી પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ નિયમિત વૃક્ષ મિત્રને મળતા રહેવાની ખાતરી આપી હતી.



## બિમાર કપિરાજનું ઝાડ પરથી પડી જતા મૃત્યુ

ગાંધીનગર એ પ્રકૃતિ સાથે માનવજીવન ધરાવતુ શહેર છે અને અહીંના નગરજનો અનોખો પ્રકૃતિપ્રેમ ધરાવે છે. પ્રકૃતિપ્રેમના કારણે નગરજનોને તેમની આસપાસમાં રહેતા પ્રાણી-પક્ષીઓ સાથે પણ આત્મીયતાના સંબંધ બંધાયેલા જોવા મળે છે. તાજેતરમાં છેલ્લા કેટલાક દિવસથી સેક્ટર-૧૬ના સરકારી દવાખાના પાછળના વિસ્તારમાં એક ઝાડ પર કપિરાજ બિમાર હાલતમાં જોવા મળતા હતા જેને વસાહતીઓ દ્વારા વૃક્ષ ઉપર ભોજન પુરુ પાડવાની સેવા પુરી પાડતા હતા. ગઈકાલે આ કપિરાજની તબિયત વધુ લથડવાથી વૃક્ષ પરથી પડી જતાં તેનું મૃત્યુ થવા પામ્યુ હતુ. આ કપિરાજના મૃત્યુથી વ્યથિત બનેલા વસાહતીઓએ કપિરાજના મૃતદેહને વિધિવત રીતે ખાડો ખોદી શાસ્ત્રોક્ત વિધિ અનુસાર તેની દફનક્રિયા કરી સંવેદનાનું ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

## મુકતજીવન સ્વામીબાપા સ્મૃતિ મંદિર વર્લ્ડપીસ સેન્ટર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

શ્રી મુકત જીવન સ્વામીબાપા સ્મૃતિ મંદિર વર્લ્ડ પીસ સેન્ટર ઘોડાસર ખાતે આચાર્ય પુરુષોતમ પ્રિયદાસજી સ્વામીજી મહારાજની આજ્ઞા અનુસાર મહંત સદ્દગુરુ ભગવત પ્રિયદાસજી સ્વામી, સંતમંડળ અમદાવાદ તેમજ શહેરના મેયર બીજલબેન પટેલ, સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન અમુલભાઈ ભટ્ટ તથા મહાનુભાવોની હાજરીમાં ૧૧૧૧ વૃક્ષોનું વાવેતર સારસંભાળ સાથેના સંકલ્પ સાથે કર્યું હતું.

## શહેર પેન્શનર સમાજની બેઠક યોજાશે

ગાંધીનગર શહેર પેન્શનર સમાજની કાર્યવાહક સમિતિની અસાધારણ બેઠક તા. ૯ ઓગસ્ટને ગુરુવારના રોજ સાંજે ૫ કલાકે સ્વસ્તિક કોમ્પલેક્ષ સેકટર-૨૨ ગાંધીનગર ખાતે મળશે. જેમાં પેન્શનર અને વરિષ્ઠ નાગરીકોને સ્પર્શતા પ્રશ્નો અંગે સરકારનું ધ્યાન દોરવા તા. ૩૦ ઓગસ્ટના રોજ નક્કી કરેલા કાર્યક્રમને અંતિમરૂપ આપવાની ચર્ચા વિચારણા કરવામાં આવશે. તો સંસ્થાના તમામ પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યોએ હાજર રહેવા પ્રવર મંત્રી રમણલાલ શ્રીમાળીએ જણાવ્યું છે.

# ચિક્કાર દારૂ ઢીંચીને બર્થ ડે મનાવી વર્ના ગાડીમાં ફરતા ત્રણ નબીરા ઝડપાયા

## ઇન્દ્રોડા સર્કલથી શાહપુર સર્કલ તરફ રોડ પર ઝીકઝેક જતી વર્ના જોઈ પોલીસને શંકા ગઈ હતી : ચેકિંગ કર્યું તો ત્રણેય પીધેલા નીકળ્યા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના ઈન્દ્રોડા સર્કલથી શાહપુર સર્કલ તરફ જતા રોડ પર રવિવારે રાત્રે એક વર્ના કાર ઝીકઝેક જઈ રહી હતી આ જોઈને પોલીસને શંકા જતા પોલીસે તેનો પીછો કરીને કારને પકડી પાડી હતી. કારમાં બેઠેલા ત્રણેય નબીરાઓ ચિક્કાર દારૂ પીધેલા હોવાનું જણાઈ આવ્યું હતું. ઈન્ફોસિટી પોલીસે દારૂ પીને બેફામ ગાડી ચલાવી રહેલા ત્રણેય અમદાવાદના શખ્સોની ધરપકડ કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ઈન્ફોસિટી પોલીસ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન રવિવારે રાત્રીના અરસામાં ઈન્દ્રોડા સર્કલ થી શાહપુર સર્કલ તરફ જતા રોડ પર એક વર્ના ગાડી નંબર જીજે ૦૧ એચ.એક્સ ૯૯૯૧ બેફામ ગતિએ નીકળી હતી. આ ગાડી લેન છોડીને સર્પાકાર જતી હતી. કાર ચાલક ઉપર શંકા જતા પોલીસે તેનો પીછો કરી શાહપુર સર્કલ નજીકથી કારને પકડી પાડી હતી. કારની અંદર ચેકિંગ કરતા ત્રણ નબીરાઓ બેઠેલા જોવા મળ્યા હતા અને ત્રણેય ચિક્કાર દારૂ ઢીંચીને આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. અમદાવાદના હાંસોલ ખાતે રહેતા ૨૧ વર્ષીય નિલેશ કિશોર તિલોકાની, નાના ચીલોડા પાસે ફ્લેટમાં રહેતા ૨૧ વર્ષીય કૃણાલ રાકેશ ભગવાણી અને સરદાર નગર રહેતા ૨૬ વર્ષિય દીપક જાદુમલ ટેકવાણી મળીને ત્રણેય શખ્સોને પકડી પાડી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મેડિકલ ચેકઅપ માટે અને આલ્કોહોલ ટેસ્ટ માટે લઈ જવાયા હતા. પોલીસે ત્રણેની ધરપકડ કરી પૂછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે નિલેશની બર્થ ડે હતી અને ત્રણેય દારૂની પાર્ટી અમદાવાદમાં કરીને ગાંધીનગરમાં લટાર મારવા નીકળ્યા હતા.

## જાહેર ચેતવણી

આથી અમો નીચે સહી કરનાર (૧) શ્રી સોલંકી અનિલભાઈ ઉર્ફે સાગરભાઈ ભગવાનભાઈ તથા તેમના માત્રુ (૨) શ્રી સવિતાબેન ભગવાનભાઈ તથા તેમના ભાઈ (૩) દિપકભાઈ ભગવાનભાઈ તથા (૪) પાર્વતિબેન દીપકભાઈ નાઓ રહેવાસી - વિરા તલાવળી, પાણીની ટાંકી પાસે, રેલ્વે પૂર્વે, મુ. કલોલ, તા - કલોલ, જી. ગાંધીનગરનાઓ આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવીએ છીએ કે,

સોલંકી આરતીબેન પુનમભાઈ રહે- રૂમ નં. ૮૯૨ ઓડાના મકાન, બોડકદેવ થલતેજ, અમદાવાદ નાઓ જે નં.૧ના પત્ની નં.૨ના પુત્રવધુ નં.૩ના ભાભી અને નં.૪ના જેઠાણી થતા હતા અને છેલ્લા કેટલાક સમયથી તેઓ અમારુ ઘર છોડીને જતા રહેલ છે અને તેઓએ તા. ૧/૧૧/૨૦૧૭ના રોજ નં.૧ પાસેથી છુટાછેડા મેળવેલા છે અને કોર્ટમાં ચાલતા તમામ કેસો પુરા કરી દીધેલ છે. તેમજ અમારી તમામ જવાબદારીમાંથી મુક્ત થયેલ છે. અને અમારી સાથે કોઈપણ સામાજિક કે આર્થિક સંબંધ ધરાવતા નથી અને તેમ છતાં તમોએ અમારી સાથે કોઈપણ જાતના નાણાકીય કે આર્થિક કે સામાજીક વ્યવહાર કરવા કરાવવા નહી કે કોઈ ધમકીઓ આપવી નહી અને જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અમારી કોઈ જવાબદારી રહેશે નહીં, અને તમારી સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સહી/- સોલંકી અનિલભાઈ ઉર્ફે સાગરભાઈ ભગવાનભાઈ

સહી/- સવિતાબેન ભગવાનભાઈ

સહી/- દિપકભાઈ ભગવાનભાઈ

સહી/- પાર્વતિબેન દિપકભાઈ

KALPA-TARU®
**POWER TRANSMISSION LIMITED**

**Registered Office :** Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028
**CIN :** L40100GJ1981PLC004281
**Tel No:** +91 79 2321 4000 **Fax :** +91 79 2321 1966 **E Mail :** mktg@kalpatarupower.com

**Extract of Standalone Unaudited Financial Results for the Quarter ended June 30, 2018**

(₹ in Lakhs)

| Sr. No. | Particulars | Quarter Ended | | Year Ended (Audited) |
|---|---|---|---|---|
| | | June 30, 2018 | June 30, 2017 | March 31, 2018 |
| 1 | Total Income from Operations | 132,493 | 120,689 | 577,850 |
| 2 | Net Profit for the period (before tax and exceptional items) | 12,454 | 10,775 | 49,934 |
| 3 | Net Profit for the period before tax (after exceptional items) | 12,454 | 10,775 | 49,934 |
| 4 | Net Profit for the period (after tax and exceptional items) | 8,104 | 7,045 | 32,200 |
| 5 | Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax) | 7,554 | 6,593 | 32,758 |
| 6 | Equity Share Capital (Face Value of ₹ 2 each) | 3,069 | 3,069 | 3,069 |
| 7 | Other Equity (excluding Revaluation Reserve) | | | 273,935 |
| 8 | Earnings Per Share of ₹ 2 each (not annualised) (₹) (for continuing and discontinued operations) | | | |
| | a) Basic | 5.28 | 4.59 | 20.98 |
| | b) Diluted | 5.28 | 4.59 | 20.98 |

**Notes:**

1 The above is an extract of the detailed format of quarterly financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchanges' websites, www.nseindia.com, www.bseindia.com and on the Company's website **www.kalpatarupower.com**.

2 Consequent to introduction of Goods and Service tax (GST) with effect from July 1, 2017, Central Excise, Service Tax, Value Added Tax (VAT), etc. have been subsumed into GST. In accordance with Indian Accounting Standard and Schedule III of the Companies Act, 2013, Revenue from Operations is disclosed net of GST. In view of the aforesaid restructuring of indirect taxes, Revenue from Operations and other expenses for the quarter ended June 30, 2017 are not comparable with other periods.

3 The Company has adopted Ind AS 115 "Revenue from contract with customer" with effect from April 1, 2018, with a modified retrospective approach. The cumulative effect of initial application of Ind AS 115 has been adjusted in opening retained earnings, which is not material, as permitted by the standard. Similar impact on the financial results of the quarter ended June 30, 2018 is also not material.

4 The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on August 7, 2018. The same have also been subjected to Limited Review by the Statutory Auditors.

5 The previous period's / year's figures have been regrouped/ rearranged wherever considered necessary.

For and on behalf of the Board of Directors

**Place : Gandhinagar**
**Date : August 7, 2018**

**Manish Mohnot**
**Managing Director & CEO**
**DIN:01229696**

To support green initiative of the Government in full measure, Members who have not registered their e-mail addresses, so far, are requested to register their e-mail addresses in the following manner:

a. In respect of electronic holdings with the Depository through their concerned Depository Participants.
b. Members who hold shares in physical form are requested to register their e-mail ID with rahul.shah@kalpatarupower.com quoting your name and folio number.